# દ્વિતીય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૮

તારીખ : ૦૯/૦૪/૨૦૧૮ ધોરણ-૭ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ______

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (6)

(1) દરરોજ પ્રસિદ્ધ થતા સમાચાર પત્રને શું કહે છે ? ☐

(ક) દૈનિક સમાચારપત્ર (ખ) પખવાડિક સમાચારપત્ર

(ગ) સાપ્તાહિક સમાચાર પત્ર (ઘ) માસિક સમાચાર પત્ર

(2) સુરત શહેર કઇ નદીના કિનારે આવેલું છે ? ☐

(ક) મહી (ખ) વિશ્વામિત્રી

(ગ) નર્મદા (ઘ) તાપી

(3) આવ ! ભાણા આવ ! પાઠમાં ..... ☐

(ક) બૂટ બનાવવાની માથાકૂટ છે.

(ખ) દુદામામા ધક્કા ખવડાવે તેની વાત છે.

(ગ) બૂટ ખોવાઇ જવાની વાત છે.

(ઘ) બૂટ ખરીદવાના વિષયને લઇ હાસ્યની વાત છે.

(4) ઘોડે સવાર યુવાને ગ્રામમાતા પાસે શું માંગ્યું છે ? ☐

(ક) કર (ખ) શેરડી (ગ) શેરડીનો રસ (ઘ) પાણી

(5) 'સોના જેવી સવાર' કાવ્યમાં પ્રકૃતિના કયા તત્વનો ઉલ્લેખ નથી. ☐

(ક) સૂર્ય (ખ) પતંગિયું (ગ) વાદળ (ઘ) માટીના કણ

(6) 'જીવરામ ભટ્ટ' પાઠમાં ...... ☐

(ક) ચતુરાઇની વાત છે.

(ખ) મિથ્યાભિમાનની વાત છે.

(ગ) ઝડપથી જૂઠ કેવી રીતે બોલી શકાય તેની વાત છે.

(ઘ) કાગળ વાંચવાની વાત છે.

Scanned by CamScanner

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** (5)

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (1) જનની | (1) લોકકથા |
| (2) આવ, ભાણા આવ ! | (2) ચંદ્રકાન્ત શેઠ |
| (3) સિંહની દોસ્તી | (3) કવિ બોટાદકર |
| (4) જીવરામ ભટ્ટ | (4) હાસ્યકથા |
| (5) સોના જેવી સવાર | (5) કવિ દલપતરામ |

**(ક) નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (ગમે તે એક)** (4)

(1) ગંગાનાં નીર તો ..........................................

..........................................

..........................................

.............................. માટીનો મેઘ બારે માસ રે

(2) પાન પાનમાં ..................................

..........................................

..........................................

.................... સોના જેવી સવાર છેજી.

**પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) ગાંધીજીને કઈ વાત અસહ્ય થઈ પડતી ?

(2) દરબાર માત્રાવાળાએ સિંહની સેવા-ચાકરી શી રીતે કરી ?

(3) શેઠે ઘરના કોઠારનો કારભાર કોને સોંપ્યો ? શા માટે ?

(4) જીવરામભટ્ટ શા માટે કાગળ પાછો આપે છે ?

**(બ) સવિસ્તાર જવાબ આપો. (ગમે તે બે)** (8)

(1) ભાણાને દુદામામા પર શા માટે ખીજ ચડતી ?

(2) 'ગ્રામમાતા' કાવ્યમાં આલેખાયેલું હેમંત ઋતુનું વર્ણન લખો.

(3) સારા અક્ષર બાબતે ગાંધીજીના વિચારો જણાવો.

**(ક) નીચે આપેલા વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) ગાંધીજીને કસરત પ્રત્યે અણગમો હતો કારણ કે......

(2) ભાણાને દુદામામા પર ખીજ ચડતી કારણ કે......

(3) સિંહ નદીના કાંઠે બેસી રહ્યો કારણ કે......

(4) ગંગા જીવરામ ભટ્ટને જુઠ્ઠા કહે છે કારણ કે......

Scanned by CamScanner

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે એક)** (2)

(1) કણમાંથી મણ થવું (2) જીવ પરોવી દેવો

**(2) નીચે આપેલા શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** (2)

(1) આથમણું × ________ (2) ધરા × ________

(3) ટેકરી × ________

**(3) નીચે આપેલ વાક્યોના પ્રકાર લખો. (ગમે તે બે)** (2)

(1) નિજનું શું પરિણામ આવ્યું ?

(2) ઓહ ! કેવો વિરાટ પર્વત !

(3) તમારી તો આશિષ માત્ર માગું.

**(4) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(1) હોળી ખેલવા નીકળેલો ઘેરમાંનો માણસ.

(2) ચામડાની સાંકડી પટ્ટી કે દોરી.

(3) પાણીમાં આગળ ધપવા શરીરનો હેલારો મારવો તે

**(5) નીચે આપેલા વાક્યોમાંથી સર્વનામ ઓળખી બતાવો. (ગમે તે બે)** (2)

(1) પેલો માણસ ઠંડીથી ધ્રુજે છે.

(2) અમે રસ્તામાં શાંતિથી ચાલતા હતા.

(3) પેલું બાળક ધીમું ધીમું હસતું હતું.

**(6) નીચે આપેલા વાક્યોમાંથી વિશેષણ ઓળખી બતાવો.** (1)

(1) નિશાને સફેદ કબૂતર લેવું હતું.

**(7) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** (2)

(1) જનની = ________ (2) અખબાર = ________

(3) આંખ = ________

**(8) નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે બે)** (2)

(1) શીથીલ ________ (2) પરિક્ષા ________

(3) કુષીક ________

**પ્રશ્ન-4 (અ) તમારી શાળામાં ઉજવાયેલા પ્રજાસત્તાક દિનનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.** (5)

**(બ) નીચે આપેલા વિષયો પૈકી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) માતૃપ્રેમ (માતે મા) (2) મારો પ્રિય તહેવાર

(3) શિયાળાની સવાર

Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (5)

દ્રુપદના દરબારમાં અપમાન પામીને દ્રોણ ફરતા-ફરતા હસ્તિનાપુરમાં આવી ચડયા. હસ્તિનાપુરમાં એક કૂવા પાસે રાજકુમારો રમતા હતા. દ્રોણે અસ્ત્રવિદ્યાના પ્રભાવથી કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો. કુમારે આ વાત ભીષ્મપિતામહને તથા મહારાજ ધૃતરાષ્ટ્રને જણાવી, એટલે તે બંનેએ વિચાર કરીને દ્રોણને રાજકુમારોના ગુરુ તરીકે સ્થાપ્યા. આ જમાનામાં ગુરુની સેવાએ વિદ્યાર્થી જીવનનું એક આવશ્યક અંગ મનાતું. વિદ્યાર્થીઓ ગુરુકુળમાં રહે તે દરમિયાન આખાયે ગુરુકુળનાં નાનાં મોટાં તમામ કામો પોતે જ ઉપાડી લેતા, અને એ રીતે જીવનમાં સ્વાશ્રયની અણમૂલી તાલીમ પામતા. આશ્રમમાં નવો દાખલ થનાર વિદ્યાર્થી આશ્રમની ગાયોને ચારવા માટે જંગલમાં લઈ જતો, આશ્રમનાં વૃક્ષોને પાણી પાતો, ગુરુના હવિ માટે સમધિ માગી લાવતો; અને જીવનનાં આવાં તેવાં કાર્યોમાં પલોટાયા પછી જ રીતસરની વિદ્યા ભણાવી શરૂ કરતો.

**પ્રશ્નો :**

(1) અપમાનિત દ્રોણ ફરતા-ફરતા કયાં આવી ચડયા ?

(2) રાજકુમારો કયાં રમતા હતા ?

(3) કૂવામાં પડેલો દડો દ્રોણે કેવી રીતે બહાર કાઢયો ?

(4) આશ્રમમાં રાજકુમારો કયાં કયાં કાર્યો કરતા હતા ?

(5) દ્રોણને રાજકુમારોના ગુરુ તરીકે કોણે સ્થાપ્યા ?

**(બ) નીચેના વિચાર વિસ્તાર સમજાવો. (ગમે તે એક)** (4)

(1) એકલ દેતા દાન જે, એકલ ઝૂઝત જંગ
એકલ જગનિંદા સહે, એ વીરોને સંગ.

(2) શમેના વેર વેરથી, ટળેના પાપ પાપથી
ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.

**(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) શું ઈર્ષાની આગ ઠારી શકાય ? કેવી રીતે ?

(2) શેઠને વહુઓનું જ પારખું કરવાની ઈચ્છા કેમ થઈ ?

(3) માતાના કાળજામાં કયાં-કયાં અરમાનો હોય છે ?

(4) સારા અક્ષર બાબતે ગાંધીજીના વિચારો જણાવો.

---

Scanned by CamScanner